# Unit-3 ગ્રામીણ ઉદ્યોગ સાહિસકતા

***  પ્રસ્તાવના :** ભારતમાં ૫૦% વસ્તી મહિલાઓની છે. જેની સાથે સાથે તેમણે મહિલા ઉદ્યોગ સાહિકતાનો વિકાસ કર્યો તેવી જ રીતે ભારતમાં ૭૫ % વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં વસે છે. તેથી ગ્રામ્ય વિસ્તારના લોકોની પ્રગતિ અને વિકાસ માટે ગ્રામીણ વિસ્તારના લોકોની પ્રગતિ અને વિકાસ માટે ગ્રામીણ ઉદ્યોગ સાહિસકતાનો વિકાસ કરવો જોઇએ. ગામડામાં વસતાં લોકો વધુને વધુ ખેતી ઉપર આધારિત હોય છે. તેથી રોજગારીનો વિકાસ અથવા રોજગારીમાં વધારો કરવા માટે ગ્રામીણ ઉદ્યોગ સાહિસકતા જરૂરી છે.

***  વ્યાખ્યા :** ખાદી અને વીલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન (KVIC)નાન મત મુજબ ગામડામાં સ્થાપી થયેલ હોય તેને ગ્રામ્ય વિસ્તાર કહેવાય. જેમાં ગામડાંની વસ્તી ૧૦,૦૦૦ કરતા ઓછી હોય. ઉદ્યોગોમાં તથું ઉત્પાદન વીજળી દ્વારા અથવા વીજળી વગર કરવામાં આવતું હોય અને કોઇ એક કર્મચારી ઉપર રૂા. ૧૦૦૦ નું રોકાણ કરવામાં આવતું હોય તે.

સરકાર દ્વારા આ નિયમોમાં થોડા ફેરફાર કરવામાં આવ્યા. ત્યારબાદ ભારત સરકારના મત મુજબ ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતા એટલે એવા ગામડાંઓ કે જેની વસ્તી ૨૦,૦૦૦ કરતાં ઓછી હોય તથા તેમાં થતુ રોકાણ (યંત્રો અને ઓજારો પરનું રોકાણ) ૩ કરોડ જેટલું હોય તેને ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતા કહેવાય.

**ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતાની જરૂરિયાત :**

૧. બેરોજગારી

૨. વિકાસ

૩. જીવનધોરણ સુધરે

૪. ભણતર

૫. શહેરીકરણ ઘટાડવા માટે

૬. ગામડા અને શહેર વચ્ચે તફાવત દૂર કરવા

૭. સામાજિક જરૂરિયાતો પૂરી પાડવા માટે

૮. કલા અને જૂની વસ્તુઓના વિકાસ કરવા

**ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતાની સમસ્યાઓ :**

૧. શાખનું અપૂરતું પ્રમાણ

૨. જૂની ઢબની વણવપરાયેલી ટેકનોલોજી, મશીનરી અને સાધનોનો વપરાશ

૩. નીચી ગુણવત્તા ધોરણ (ઉત્પાદનની)

૪. અપૂરતી માળખાકીય સગવડ (અપૂરતાં બાંધકામની સગવડ)

**ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતાનદ વિકાસ :**

૧. કાચો માલ સામાન એ દરેક ઉદ્યોગ માટે ખૂબ જ જરૂરી છે. ગ્રામ્ય ઉદ્યોગોનો મુખ્ય આધાર કાચા માલની પ્રાપ્તિ પર હોય છે. તેથી સરકારની નીતિ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં કાચા માલ સામાનનો મજબૂત પાયો બનાવવો જોઈએ.

૨. નાણુ એ ધંધાકીય એકમની શરૂઆત અને તેને ચલાવવા માટે ઉંજાણ તેનું કાર્ય કરે છે. તેથી સરકાર દ્વારા ઓછા વ્યાજ સાથે નાણાં ભંડોળ મળી રહે તેવી યોજના હોવી જોઈએ.

૩. ગ્રામીણ ઉદ્યોગો માટે માકેર્ટિંગની સમસ્યાનો ઉકેલ લાવવા માટે ઉત્પાદન ક્રમ માકેર્ટિંગ કેન્દ્રો ઉભા કરવા જોઈએ. ખાસ કરીને એવા વિસ્તારોમાં કે જ્યા ઉત્પાદન સારા પ્રમાણમાં થઈ શકે તેવી શક્યતા હોય ત્યારે માર્કેટીંગ કેન્દ્રો દ્વારા નિકાસને પ્રોત્સાહન મળે છે અને બીજા તરફ ખરીદનાર અને વેચનાર તરફથી મધ્યસ્થી દૂ થઈ જશો અને તેઓ એકબીજાની વધુ નીકટ આવી શકે કાયદાકીય પગલાં સ્વરૂપે સરકારને આવાં ગ્રામીણ ઉદ્યોગો પાસેથી ફરજીયાતપણે માલ–સામાન ખરીદવો પડે તેવ જોગવાઈ કરી શકાય છે.

૪. ગ્રામીણ ઉદ્યોગ સાહિસકો ઉદ્યોગ સાહિસક કારકિર્દીમાં પસંદગીથી નથી જોડાતાં પરંતુ આકસ્મિક તક દ્વારા જોડાઈ જાય છે ત્યારે અયોગ્યતા અને હરીફાઈના કારણે સાહસિકો ટકી શકતાં નથી. તો આવા ઉદ્યોગ સાહસિકોની યોગયતા અને હરીફાઈનું પ્રોત્સાહન આપવું જોઈએ.

૫. ઉદ્યોગ સાહસિકતાનું જ્ઞાન આપવું જોઈએ.

૬. ધંધાકીય એકમ સ્થાપવા માટે કઈ કઈ સગવડો પ્રાપ્ત છે તેની જાણકારી આપીને ગ્રામ્ય વિસ્તારનાં લોકોને તેનાથી વાકેફ કરવા જોઈએ.

૭. પ્રાપ્ત સ્થાનિક સ્ત્રોતોને યોગ્ય ઉપયોગ કરવા માટેનું જ્ઞાન આપવું જોઈએ.

*** NGO અને ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતા :–**

**– NGO ના પ્રકારો :**

1. TMRY
2. TRYSEM
3. NAYR
4. WASME
5. AWAKE
6. RUDSETIS

*** NGO ના કાર્ય પ્રમાણે પ્રકારો :**

૧. પ્રાથમિક કક્ષા

૨. ઇન્ટરમીડીએટ આંતરમાધ્યમ લેવલ

૩. ગ્રાસ રૂટ લેવલ (નાચલી કક્ષા)

* **તાલીમ :**

૧. ઉત્સાહિત કરવા

૨. જાણકારી પૂરી પાડવી

૩. આસીસટન્ટ

* **NGO ની મજબૂતાઇ (ફાયદા) :**

૧. ખર્ચમાં ઘટાડો

૨. ફેરફાર શક્ય

૩. નવીનતા

૪. ઉદ્યોગો માટે રસ વધારવો

૫. ગ્રાહકોને સંતોષ

* **NGO ની નબળાઇ (ગેરફાયદા) :**

૧. ભૂમિકા ભજવવા માટે

૨. નેતૃત્વમાં ખામી

૩. પ્રોગ્રામમાં ખામી

૪. અપૂરતી તકો

* **NGO ની પ્રસ્તાવના :**

ભારત આઝાદ થયો ત્યારબાદ ભારત સરકાર બેરોજગાર અને ગરીબીની સમસ્યાનો સામનો કરતાં હતા. તે દરમિયાન ગરીબી નાબૂદ પ્રોગ્રામ જેવાં કે, TRSYSTEM વગેરે જેવાં કાર્યક્રમો દ્વારા ગરીબી નાબૂદ કરવાની શરૂઆત કરી. પરંતુ આ કાર્યક્રમો કે જે સરકાર દ્વારા આયોજીત હતા. જે એક કે બીજી નબળાઇના લીધે વિકાસ કરી શક્યા નથી. તે સમયે NGO ને તેમના પ્રાથમિક સમસ્યાઓ જેવી કે, હેલ્થ, પાણી વ્યવસ્થા, એજ્યુકેશન, પર્યાવરણ રક્ષણ વગેરે જેવા કર્યો સિવાય બીજા કાર્યોમાં રસ ધરાવતા માટે સૂચિત કરવમાં આવ્યા. તેવા સમયે જ્યારે સરકાર વિકાસ કરી શકી નહી ત્યારે સરકારે NGOનો સહારો લીધો.

* **ખ્યાલ :** NGO એટલેબિનસરકારી સંસ્થાઓ કે જેમાં સરકારનું ઉત્તરદાયિત્વ ન હોય અને ધીમે–ધીમે માં NGO વધારો થવા માંડ્યો આજે NAYE, WASME, AWAKE વગેરે જેવાં NGO વિકાસ પામી ચૂક્યાં છે.

*** ઉદ્યોગ સાહસિકતામાં વિકાસ કરવા NGOના પ્રકારો :**

**૧. પ્રાથમિક કક્ષાનાં NGO :** એવાં NGO કે જે આંતર રાષ્ટ્રીય કક્ષાએ સ્થાયી થયાં હોય અને ત્યાંથી જ પોતાનાં સ્ત્રોતોનો ઉપયોગ કરીને ઉદ્યોગોમાં વધારો કરવા પ્રેરણા પૂરી પાડી OXSLK એ ભારતમાં પ્રાથમિક કક્ષાનાં NGO નું ઉદાહરણ છે.

**૨. ઈન્ટરમીડીએટ NGO :** આવા NGO જુદી-જુદી એજન્સીમાંથી ફંડ એકત્રિત કરે છે. તાલીમ પૂરી પાડે છે. તથા કેટલાંક વર્કશોપના પ્રોગ્રામ કરે છે. SEWA એ આવા પ્રકારના NGO નું ઉદાહરણ છે.

**૩. ગ્રાસ રુટ લેવલ :** આવા NGO દ્વારા જરૂરિયાતવાળા લોકોને મદદ પૂરી પાડી શકાય છે. દા.ત. RUDSETIS.

*** NGO દ્વારા અપાતી તાલીમ :**

૧. ઉત્સાહિત કરવા : NGO જેવા જુદા જુદા કાર્યક્રમો યોજીને લોકોને ઉદ્યોગો પ્રત્યે ઉત્સાહિત કરવાની તાલીમ પૂરી પાડે છે.

૨. જાણકારી પૂરી પાડવી : જરૂરિયાતવાળા લોકોને જાણકારી પુરી પાડીને અથવા સેવાઓ આપીને તાલીમ આપે છે. જેમ કે, પ્રોજેક્ટ કેવી રીતે બનાવવા, પ્લાન્ટ અને યંત્રોની ખરીદી, રીપોર્ટ કેવી રીતે તૈયાર કરવા.

૩. આસીસ્ટન્સ : નાણાંકીય ઈન્સ્ટીટ્યુટ દ્વારા નાણું પુરું પાડીને કોઈપણ ઉત્પાદનનું માર્કેટીંગ કરીને એક આસીસ્ટન્ટ કાર્ય કરે છે.

*** NGO ની મજબૂતાઈ :**

૧. ઉત્પાદન ખર્ચ ઘટાડીને ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને યોગ્ય કિંમતે જ વસ્તુ પૂરી પાડવી.

૨. કોઈ સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવવા પરિવર્તનશીલ રહેવું.

૩. કલાઈન્ટની નજીક રહીને યોગ્ય માહિતી પૂરી પાડવી, ઉદ્યોગનો વિકાસ કરવા માટે નવીનતા લાવવી.

૪. ગ્રામીણ લોકોને ઉદ્યોગોના રસ ધરાવતાં બનાવવા માટે જુદાં-જુદાં તાલીમ પ્રોગ્રામો કરવા.ıહોકને સંતોષ મળે તેવું ઉત્પાદન કરવામાં મદદ કરવી.

*** NGO ની નબળાઈ :**

૧. નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ કરવા અથવા પછાત ગામોનો વિકાસ કરવા માટે ભૂમિકા ભજવવામાં ઝગડાઓ થાય છે.

૨. શંકાસ્પદ નેતાગીરી અને વિકાસ.

૩. ધંધાના વિરોધની ફિલોસોફી, પ્રોગ્રામમાં ખામીઓ વગેરે અપૂરતાં નેતૃત્વને લીધે થઈ શકે.

૪. NGO દ્વારા થોડાં-થોડાં સમયે NGO ના કાર્યક્રમો ઉપર નેતાએ ધ્યાન લેવું જોઈએ. પરંતુ સ્વયં વ્યસ્ત રહેતા હોવાથી આવા નેતાઓ ઉપર ધ્યાન આપી શકતાં નથી.

૫. દરેક NGO આ પ્રકારના કાર્યો કરવા તત્પર રહેતાં નથી.

**સારાંશ :** ઉપરોક્ત નબળાઈઓને નજરઅંદાજ કરીએ તો NGO દ્વારા થયેલાં વિકાસને બે ધ્યાન કરી શકાય નહીં. ભારતની કેટલીક NGO સફળતાપૂર્વક સમાજમાં જે નબળાઈઓ છે તે દૂર કરવાની કોશિશ કરે છે.

*** ગ્રામિણ ઉદ્યોગ સાહસિકતાની સમસ્યાઓ :**

૧. મૂડીનો અભાવ

૨. ગરીબી અને શિક્ષણનો અભાવ

૩. મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રકચર

૪. હરિફાઈ

૫. નીચી ગુણવત્તા

૬. સરકારનાં સહયોગનો અભાવ

૭. સામાજીક સહયોગનો અભાવ

૮. જુના યંત્રો અને ઓજારો

૯. કાચામાલની અછત